# મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની ડી.એન હાઈસ્કુલ, આણંદના વિધાર્થીઓ દ્વારા મુલાકાત

અત્રેના મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે ડી. એન. હાઇસ્કુલ, આણંદમાં બાગાયત વિષય સાથે અભ્યાસ કરતાં ઘોરણ ૯ ના વિધાર્થીઓએ તા.૦૮/૧/૨૦૨૪ રોજ અત્રેના મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લીઘેલ. આ શૈક્ષણિક પ્રવાસમાં કુલ ૫૧ વિધાર્થીઓએ કેન્દ્રના વિવિધ વિભાગની મુલાકાત લીઘેલ. આ મુલાકાત દરમ્યાન ક્ષેત્ર નિદર્શનમાં વિવિધ શાકભાજી પાકોની જાતો તેમજ તેના સુધારણા અંગેના કાર્યક્રમની તથા રીંગણ, મરચા, ટામેટા વિગેરે પાકોમાં વિવિધ અખતરાઓ બીજ ઉત્પાદન કાર્યક્રમની વિસ્તૃત માહિતી આપી. વિસ્તૃત માહિતી મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના ડૉ. સી. કે. બોરડ સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રીએ આપેલ. તેમજ આ ઉપરાંત શાકભાજી પાકોમાં જીવાતો તેમજ રોગોની સમસ્યા અને તેના નિરાકરણના ઉપાયો વિશે સમજ આપી. વિધાર્થીઓને શાકભાજી પાકો વિશે સચોટ તેમજ ગહન સમજ આપવા બદલ ડી. એન. હાઇસ્કુલ, આણંદના પ્રતિનિધિ શ્રી પ્રવિણસિંહ રાઠોડ દ્વારા આ કેન્દ્રનો આભાર વ્યકત કરવામાં આવેલ.




